**ક્રમાંક–૧૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**શુક્રવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૫ અને ૬ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૧૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધાનસભાના પટાંગણમાં ધરણા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ વિધાનસભાના પટાંગણમાં સભ્યશ્રી અંબરીશભાઇ ડેર, શ્રી લલિતભાઇ વસોયા, ડો. કિરીટકુમાર પટેલ, શ્રી ભગાભાઇ બારડ, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી લલિતભાઇ કગથરા, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી ચિરાગભાઇ કાલરિયા, શ્રી લાખાભાઇ ભરવાડ, શ્રી નૌશાદભાઇ સોલંકી, શ્રી શીવાભાઇ ભુરિયા અને શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરે ધરણા અને પ્રદર્શન કર્યું હતું. જે બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી પ્રદિપસિંહ જાડેજા, સભ્યશ્રી અમિતભાઇ ચાવડા અને શ્રી શૈલેષભાઇ પરમારે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે વિડીયો ક્લીપ અને તમામ વિગતો તપાસી પછીથી પોતાનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના સન ૨૦૧૬–૧૭થી ૨૦૧૮–૧૯ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૨) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપ પરમાર**

(૩) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૭–૧૮થી ૨૦૨૦–૨૧ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૭–૧૮થી ૨૦૧૯–૨૦ સુધીના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપ પરમાર**

(૪) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપ પરમાર**

(૫) ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૬) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૨–૨૩ના અંદાજપત્ર તથા સન ૨૦૨૧–૨૨ના

સુધારેલ અંદાજપત્ર

**માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ**

(૭) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૪–૧૫ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ સન ૨૦૧૮–૧૯ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૮) સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેના કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૮/૦૩/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:– જીએચકેએચ/૩૮/ ૨૦૨૨/જીસીએસ/ ૧૦/૨૦૨૧/એમએલએ–૧૬/છ

**માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૩, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૯૩ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક – ૯૬ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલે રજૂ કરી તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૫ મહિલા અને બાળ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮, માગણી ક્રમાંક– ૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૧ અને ૪૨, માગણી ક્રમાંક– ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩, ૪૪, ૪૫ અને ૪૬ તથા માગણી ક્રમાંક– ૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા (વિપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી રમેશભાઇ કટારા
(૩) શ્રી આનંદભાઇ ચૌધરી
(૪) શ્રી જયેશકુમાર રાદડીયા (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી જયેશકુમાર રાદડીયાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રીમતી ચન્દ્રિકાબેન બારિયા
(૬) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૭) શ્રી મોહનસિંહ રાઠવા
(૮) શ્રી વિજયભાઇ પટેલ
(૯) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૧૦) શ્રીમતી સુમનબેન ચૌહાણ
(૧૧) શ્રી વજેસિંગભાઇ પણદા
(૧૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૩) શ્રી પુનાભાઇ ગામીત
(૧૪) શ્રી અભેસિંહ તડવી
(૧૫) શ્રી કાન્તિભાઇ ખરાડી
(૧૬) શ્રી અરવિંદ પટેલ
(૧૭) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૮) શ્રી અંબરીશભાઇ ડેર

ત્યારબાદ મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે આપ્યો.

ત્યારબાદ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**૫. સભાત્યાગ**

વિપક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહનો સમય લંબાવવાનો ઇન્કાર કરી માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલનો માગણીઓ પરનો જવાબ ટૂંકાવીને પ્રશ્નો પૂછવાનો આગ્રહ રાખ્યો અને સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨, ૨૩, ૯૩, ૯૬ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.

**સભાગૃહ, સોમવાર તા.૨૮મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૫મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**